Published On 18'th date

# SAMAJ AARSI

(Gujarati Monthly)

# સમાજ આરસી

## SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ - AHMEDABAD

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ - અમદાવાદ

परस्परोपग्रहो जीवानाम्

Cont. Issue : 217

JANUARY-2023


Price : Rs. 40/-

Issue : 2

Vol. : 19




## અભિપ્રાયની ચિંતા કર્યા વગર પોતાની મોજમાં રહેવું.



સમુદ્ર કિનારે એક બાળક રમતું હતું. એક મોજું આવ્યું ને એનું ચપ્પલ તણાઈ ગયું. બાળકે સમુદ્રની રેતી પર લખ્યું "સમુદ્ર ચોર" છે. થોડે દુર માછીમારો દરિયો ખેડીને માછલીઓ પકડી લાવ્યા હતા. માછીમારોએ સમુદ્રની રેતી પર લખ્યું "સમુદ્ર અમારો પાલનહાર છે." એક માનો દીકરો સમુદ્રમાં ડૂબીને મરી ગયો એણે રેતી પર લખ્યું "સમુદ્ર મારા પૂત્રનો હત્યારો છે."

એક ભાઈને સમુદ્ર કિનારેથી છીપમાં મોતી મળ્યું. એણે રેતી પર લખ્યું "સમુદ્ર દાનવીર છે" અને એક મોટું મોજું આવ્યું, જે રેતી પરના આ ચારેય લખાણ ભૂંસીને ચાલ્યું ગયું.

આપણા માટે દરેક વ્યક્તિનો અભિપ્રાય અલગ-અલગ હોય છે. પણ આપણે સમુદ્રની જેમ કોઈના અભિપ્રાયની ચિંતા કર્યા વગર પોતાની મોજમાં રહેવું અને આપણું કાર્ય કરતા રહેવું.

સ્પીડ બ્રેકર... દવાની સીધી અસર જો રોગ પર છે તો ધર્મની સીધી અસર દોષ પર છે. રોગ મટાડે તે દવા અને દોષ મટાડે તે ધર્મ.


Navkar Institute
&
Navkar Digital Institute
Classroom Coaching
& Online Video Lectures
CA Foundation
CA Intermediate
CA Final Old and New
All levels of CS Course
US CPA, CMA, UK ACCA
www.navkarinstitute.com
www.navkardigitalinstitute.com
Navkar Public School
&
Navkar Digital School
Grade 9 to 12 - GSEB
Science & Commerce
English & Gujarati Med.
Grade 1 to 12 - GSEB & CBSE
Science & Commerce
English & Gujarati Med.
GET IT ON Google Play
NDI
NDS
Download Mobile App
079 69000000 (NI)
079 26304006 (NPS)

SANGINI HOSPITAL

HOPE LIVES HERE

1ST FLOOR SANTORINI SQUARE, NEAR ABHISHREE COMPLEX,
OPP: STAR BAZAR, SATELLITE, AHMEDABAD

PHONE : 079-40056171 ,7623024024 • EMAIL : drtapansah@gmail.com

WEB :- www.sanginihospital.com

**DR. TAPAN SHAH**
(M) 9825739241

OPD TIME: 10 AM TO 1 PM
MONDAY TO SATURDAY

**DR. HARSH MANIAR**
(M) 9825724348

OPD TIME: 4 PM TO 7 PM
MONDAY TO FRIDAY

**DR. MAHESH KHAPANDI**
(M) 9924755228

ASSOCIATE DOCTORS

- MD INTERNAL MEDICINE
- CONSULTANT PHYSICIAN
- CARDIAC DISEASE AND DIABETES SPECIALIST
- INTENSIVE CARE SPECIALIST
- 2D ECHO, TMT

## Dhyana
## NEONATAL CARE

- NEONATOLOGIST AND PAEDIATRICIAN
- INTENSIVE CARE SPECIALIST

**DR. ATISH SHAH**
(M) 9824500452
MD (PEDIATRICS), GOLD MEDALIST

Mon.-Fri. : 10:00 AM TO 1:00 PM
4:00 PM TO 7:00 PM
Sat. : 10:00 AM TO 1:00 PM

**DR. CHINTAN RATHOD**
(M) 9408179541

ASSOCIATE DOCTORS

### અમારી હોસ્પિટલમાં બાળસખા યોજના-3

અંતર્ગત નીચે મુજબની બિમારીવાળા બાળકો
(જન્મથી ૨૮ દિવસ સુધી નવજાત શિશુ)
તદ્દન વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.




૧. ૧.૫ કિ.ગ્રા.થી ઓછું વજનવાળા બાળકો
૨. જન્મસમયે ન રડેલ બાળકો
૩. મળ પી જવાથી થતો ન્યુમોનિયા
૪. કાચા ફેફસાવાળા બાળકો
૫. લોહીમાં ચેપ
૬. મગજનો ચેપ
૭. સુગર ઓછી થવી
૮. કેલ્શિયમ ઓછું થવું
૯. વધારે સોડિયમ




૩૧૨, સેન્ટોરીની સ્કવેર બિલ્ડીંગ, અભિશ્રી કોમ્પલેક્ષની પાછળ,
સ્ટાર બજારની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ०૧૫

SANGINI HOSPITAL PROVIDES STATE OF THE ART PHYSICIAN PLUS PAEDIATRICIAN SERVICES UNDER ONE ROOF TO ITS CLIENTS IN HEART OF THE CITY OF AHMEDABAD, SATELLITE. IT IS WELL EQUIPPED WITH FOLLOWING FACILITIES:

FULLY EQUIPPED NEONATAL, PEDIATRIC & ADULT ICU • SPECIAL ROOM & SEMI SPECIAL ROOMS • HIGH FREQUENCY VENTILATOR, NON INVASIVE VENTILATORS: CPAP/BIPAP • MULTIPARA MONITORS WITH IBP, SYRINGE PUMPS & INFUSION PUMPS • 2 D ECHO, ECG, TMT, PFT, DEFIBRILLATOR & LABORATORY FACILITIS • SERVO CONTROLLED WARMERS, LED PHOTOTHERAPY, NEBULISERS, HEALTH CHECK UP

**Visiting consultant at Sterling, SAL, HCG, CIMS, Parekhs, Bodyline, Aims Hospitals**



## ડો. હિતૈષી એ. શાહ (BDS)
ડેન્ટલ સર્જન

આર.સી.ટી. (RCT), ફિક્સ દાંત, ચોકઠા અને કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રીના સ્પેશ્યાલિસ્ટ

- દાંત અને પેઢાના રોગોની સારવાર
- ડેન્ટલ ઇમ્પ્લાન્ટની સારવાર
- વધારે સડાવાડા સોજો આવેલા દાંતના મૂળની સારવાર (RCT)
- ફીક્સ દાંત-સોનાના, સીરામીકના અને મેટલના કવરની સારવાર
- ચોકઠા બનાવવાની સારવાર
- પાયોરીયાની સારવાર
- વાંકાચુકા તથા આગળ પડતાં દાંતની સારવાર
- ડહાપણની દાંતની સારવાર
- દાંતની સફાઈ

નવકાર ડેન્ટલ ક્લિનીક

૧૦૭, સહજાનંદ પ્લાઝા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ. ફોન : ०७૯-૬૮૫००૩૪૫ મો. ૯૮૨૪૩००૫૪૨ સમય : સાંજે ૫-૩० થી ૮-०० કલાકે

www.sanghvihospital.com
sanghvihospital1991@gmail.com
Follow us on

**SANGHVI HOSPITAL**

Scan for Call | Scan for WhatsApp



## ડો. રજની સંઘવી M.S., F.I.A.G.E.S.
કન્સલ્ટન્ટ સર્જન તેમજ લેપ્રોસ્કોપિક સર્જન
ભૂતપૂર્વ સર્જન તેમજ આસીસ્ટન્ટ પ્રોફેસર સિવિલ હોસ્પિટલ
બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ. M.: 98250 25241

## ડો. જાગૃતિ રજની સંઘવી M.D.
ગાયનેકોલોજીસ્ટ તથા લેપ્રોસ્કોપિક સર્જન
સ્રીરોગ તથા પ્રસુતિના નિષ્ણાંત M.: 98795 25241



# સર્જીકલ, મેટરનીટી તથા લેપ્રોસ્કોપિક સર્જરી સેન્ટર
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, પાલડી પોસ્ટ ઓફિસની પાસે, નિલકંઠ પ્લાઝાની બાજુમાં, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન નં: હો. ૦૭૯-૨૬૬૩૨૨૪૧ For Appointment: 7984219904






















### જનરલ સર્જરીનાં ઓપરેશનો
- દૂરબીનની મદદથી (લેપ્રોસ્કોપિક સર્જરી) પિત્તાશયની પથરી, એપેન્ડીક્ષ, આંતરડાના તથા હર્નીયા (સારણગાંઠ)ના તેમજ લીવર તથા બરોળ (Spleen) નાં ઓપરેશનો.
- Obesity (મેદસ્વીતા) નાં ઓપરેશનો.

### પેટની Endoscopy ની તપાસ તેમજ સારવાર
- Upper G.I. Endoscopy, Colonoscopy તેમજ E.R.C.P.

### કેન્સર નિદાન, સારવાર તેમજ ઓપરેશનો
- સ્તનની સાદી, કેન્સરની ગાંઠ, નિદાન તેમજ ઓપરેશનો.
- થાઈરોઈડ, ગળાની ગાંઠો, તથા અન્ય ગાંઠો.

### Ano-rectal (મળમાર્ગના રોગો)
- હરસ, મસા (Piles) નાં પીડારહિત ઓપરેશનો.
- સ્ટેપલરની મદદથી (MIPH) Piles (હરસ)ની સારવાર
- ભગંદર, વાઢિયા (Fistula & Fissure) નાં ઓપરેશનો.

### યુરોલોજી વિભાગ (Endo-Urology)
- કીડની, પથરી, પ્રોસ્ટેટ તથા પેશાબના તમામ રોગો
- I.I.T.V. ની સગવડતા URS, PCNL, ની સગવડતા.
- Mobile Lithotripsy મશીનથી પથરી તોડવાની સારવાર.
- T.U.R.P.

### પ્લાસ્ટીક સર્જરીનો વિશેષ અનુભવ
- જન્મજાત ખોડખાંપણના ઓપરેશનો
- અકસ્માત તેમજ દાઝેલા દદીની સારવાર.
- કાનની બુટ સાંધવાના (Ear Repair) તેમજ કાન, નાકમાં કાણું કરવાનાં (Ear Nose Piercing) ઓપરેશન.

### ઓર્થોપેડીક વિભાગ
- હાડકાંના રોગોની સારવાર, નિષ્ણાંત ઓર્થોપેડિક સર્જન નિયમીત મળશે.

### ગાયનેક વિભાગ
- સ્રીરોગોની સારવાર, પ્રસુતિ કેન્દ્ર તેમજ ઓપરેશનો જેવા કે
- ગર્ભાશયની કોથળી કાઢવાનાં ટાંકા વગરના ઓપરેશનો (V.H.)
- લેપ્રોસ્કોપિક પધ્ધતિથી તમામ ઓપરેશનો.
- લેપ્રોસ્કોપિક સર્જરીની મદદથી તમામ ઓપરેશનો જેવા કે T.L.H. (ગર્ભાશયની કોથળી કાઢવાનાં) અંડાશયની ગાંઠ, Fibroid, Ectopic Pregnancy.
- વ્યંધ્યત્વ નિવારણ (Infertility).
- લેપ્રોસ્કોપિક, હીસ્ટરોસ્કોપી દ્વારા વ્યંધ્યત્વ નિવારણની સારવાર.
- I.U.I. ની સગવડતા.
- I.V.F. (Test Tube Baby)સેન્ટર સાથે સંલગ્ન.
- કલર ડોપ્લર સોનોગ્રાફીની સગવડતા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર, કેન્સર નિદાન તથા ઓપરેશન.
- આધુનિક A/C. લેબરરૂમ તેમજ NICU.
- Post Menopausal Clinic.
- Cancer Vaccination.
- Pap Smear.




### અન્ય સર્જનોને, ગાયનેકોલોજીસ્ટને તથા ફીઝીશીયનને દાખલ કરવા તથા ઓપરેશન કરવા માટે ઓપન હોસ્પિટલ

- AMC Approved
- B.U Permission + Fire Safety
- Inhouse ETO Machine
- Latest Video Imaging System
- આધુનિક બે ઓપરેશન થિયેટર તેમજ લેબરરૂમ.
- મેડિકલ સ્ટોરની સુવિધા.
- I.I.T.V, Multifunction Remote Controlled OT. Table.
- Hepa Air Purification System, Air Curtain, Multimedia Monitor
- Video Recording & C.C.T.V. Protected Hospital.
- Computerized Patient Records.
- Inverter Generator For Uninterrupted Power Supply.
- Remote Controlled Patient Bed in Special Room.
- Central Air Cooling System.
- Stretcher Lift. Central Oxygan, Central Suction.
- Portable O.T. Ventilator





















## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સમાજના આગામી કાર્યક્રમોની વિગતો | ૦૬ |
| ૨. | તંત્રીની કલમે | ૦૯ |
| ૩. | પ્રમુખસ્થાનેથી | ૧૦ |
| ૪. | સમાજ સમાચાર | ૧૧ |
| ૫. | જન્મદિવસની હાર્દિક શુભેચ્છા | ૧૩ |
| ૬. | સમ્યગ્ જ્ઞાન શાળા | ૧૬ |
| ૭. | સુનહરી શામ - સમાજ કે નામ - ૨ નો અહેવાલ | ૧૭ |
| ૮. | ZPL-7 ઓપનીંગ સેરેમનીનો અહેવાલ | ૩૧ |
| ૯. | લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા | ૩૩ |
| ૧૦. | એઝ યુ વિશ | ૩૯ |
| ૧૧. | ખુશીની ક્ષણ | ૪૦ |
| ૧૨. | ઉડી ગયેલા બલબનું કડવું સત્ય | ૪૧ |
| ૧૩. | બળ નહીં કળ | ૪૩ |
| ૧૪. | પંડિતજી | ૪૪ |



**સંપાદક મંડળ**

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી

શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી હિતેશભાઈ બી. સંઘવી

**મુદ્રક અને પ્રકાશક**

શ્રી અજય નગીનદાસ દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**તંત્રી**

શ્રીમતી પ્રીતિ એન. શાહ

**મુદ્રણ સ્થાન**

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

**માલિક**

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**પ્રકાશન સ્થળ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦ મો. ૮૨૩૮૦ ૫૫૫૭૫
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org


આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.


**વાર્ષિક લવાજમ**

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦



મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

**ધનલક્ષ્મી સ્ટોર્સ**

ઇમિટેશન • કોસ્મેટિક્સ • હોઝિયરી
• બેંગલ્સ - બિંદી અને બ્રા - પેન્ટી

૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩. ફોન : (ઓ.) ૨૭૪૭૮૧૮૯

ભુપેન્દ્રભાઈ બારભાયા
મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
મો. : ૯૪૨૬૫૭૭૨૧૮

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત

# બારમી સ્વૈચ્છિક રક્તદાન શિબિર

સમાજ તરફથી છેલ્લા અગિયાર વર્ષથી રક્તદાન શિબિરનું સફળતાપૂર્વક આયોજન થઈ રહેલ છે. આ વર્ષે તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩ ગુરૂવારે રક્તદાન શિબિર યોજવામાં આવેલ છે, જેમાં સમાજના દરેક સભ્યોને શિબિર સફળ બનાવવા નમ્ર અપીલ છે.

શિબિર અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે. દરેક રક્તદાતાને આ ઉમદા કાર્યની યાદગીરીરૂપે એક પ્રતિક ભેટ સમાજ તરફથી આપવામાં આવશે. આ વર્ષે પણ આપણે આપણા જ સમાજના સભ્ય અને અમદાવાદમાં સાત વિસ્તારમાં NABL સર્ટીફીકેટ સાથે અદ્યતન લેબોરેટરીઓ ધરાવતા ડૉ. નીરજભાઈ કોઠારી દ્વારા તેમની સંજીવની બ્લડ બેન્ક એન્ડ (વોલેન્ટરી) એફરેસીસ સેન્ટર સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ છે. આપણા સમાજના કોઈપણ સભ્યને જ્યારે પણ બ્લડની જરૂર પડે ત્યારે તેમની બ્લડ બેન્ક તરફથી બ્લડ મળી શકશે. (ટેસ્ટીંગનો રૂટીન ચાર્જ આપવાનો રહેશે.)

**તા. ૨૬-૦૧-૨૦૨૩, ગુરૂવાર**

**સમય : સવારે ૮-૩૦ થી બપોરે ૧-૩૦ સુધી કલાકે**

**સ્થળ : સીનીયર સીટીઝન પાર્ક, રેમન્ડ શોપની ગલીમાં, કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ.**

**॥ આર્થિક સૌજન્ય ॥**

**માતુશ્રી કેવળીબેન ચંદુલાલ અબજીભાઈ શાહ (ટુવાવાળા) ના સ્મરણાર્થે....**

**હ. સુશીલાબેન અશ્વિનભાઈ શાહ**

**॥ નવકારશી સૌજન્ય ॥**

**ડૉ. નીરજભાઈ એ. કોઠારી (સંજીવની બ્લડ બેન્ક એન્ડ (વોલેન્ટરી) એફરેસીસ સેન્ટર)**

**રક્તદાન એક અતિ મહાન દાન છે જે સમાજની તમામ તંદુરસ્ત વ્યક્તિ પૈસા પાત્ર ન હોય તો પણ કરી શકે છે.**

**વધુ માહિતી માટે સંપર્ક કરો. સમાજની ઓફિસ નં. ૦૭૯-૨૬૪૨૫૬૭૦ (મો.) ૮૨૩૮૦ ૫૫૫૭૫**

શ્રી હિતેશભાઇ બી. સંઘવી (મો) ૯૮૨૪૦ ૬૧૩૩૯

શ્રી અજયભાઇ એન.દોશી (મો) ૯૩૨૭૦ ૭૮૭૭૮ શ્રી કેલનભાઇ પી.વોરા (મો) ૯૪૨૬૦ ૫૫૨૩૪

શ્રી ચૈતન્યભાઇ એસ.સંઘવી (મો) ૯૮૨૪૩ ૫૦૪૩૬ શ્રી નીરજભાઇ એ.શાહ (મો) ૯૪૨૬૫ ૪૩૪૮૯

શ્રી શ્રેણિકભાઇ એસ. દોશી (મો) ૯૪૨૯૯ ૩૯૨૯૯ શ્રી અંકિતભાઇ એસ. સંઘવી (મો) ૯૮૨૪૩ ૨૪૪૭૭

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત

# ૧૪ મી ચિત્રકામ સ્પર્ધા - Drawing Competition

**તા. ૨૬-૦૧-૨૦૨૩, ગુરૂવાર ● સમય : સવારે ૯-૦૦ કલાકે**

**ઉંમર : ધો. ૧ થી ૪ - ધો. ૫ થી ૭ ધો. - ૮ થી ૯**

**સ્થળ : સીનીયર સીટીઝન પાર્ક, રેમન્ડ શોપની ગલીમાં,**
**કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ.**

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત

## પ્રવચન શ્રેણી

## Canada, UK, USA, Australia, Germany

**માં અભ્યાસ કરી સ્થાયી થવા માંગતા યુવાન- યુવતીઓ માટે શ્રેષ્ઠ માહિતી આપતો સેમિનાર**

## સ્પીકર : શ્રીમતી હિમાની શાહ (VizaTree)

**(૧૭ વર્ષનો બહોળો અનુભવ)**

**● તા. ૪-૨-૨૦૨૩, શનિવાર ● સમય : સાંજે ૬-૦૦ થી ૮-૦૦ કલાકે**

**● સ્થળ : શાન્તમ એક્ટિવીટી સેન્ટર, (સમાજની ઓફિસ) નવરંગપુરા, અમદાવાદ.**

શ્રીમતી હિમાની શાહ વિદેશ અભ્યાસ કાઉન્સેલિંગ અને વીસા એપ્લીકેશન પ્રોસેસમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. તેમણે તેમનું ગ્રેજ્યુએશન વર્ષ -૨૦૦૫ માં પુરુ કરીને Career કાઉન્સેલિંગ તરીકે કારકિર્દીની શરુઆત કરેલી જેમાં તેઓ છેલ્લાં ૧૭ વર્ષથી પણ વધારે સમયથી કામ કરી રહેલ છે. તેઓ VizaTree ના નામથી પોતાની પેઢી ચલાવે છે. તેમણે તેમની કારકીર્દીમાં હજારો વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ તથા કારકિર્દી માટે વિદેશમાં ભણવા તથા સ્થાયી થવા મોકલેલા છે.

આ પ્રવચન શ્રેણીમાં વિદેશમાં ભણવા જવા માટે ત્યાં સ્થાયી થવા માટે તેઓ દરેક પાસા ઉપર વિગતવાર માહિતી આપશે.

● જેમ કે કયો દેશ તમારા અભ્યાસ કે કારકિર્દી માટે સારો રહેશે. ● ક્યારથી વિદેશ જવા માટેની તૈયારી કરવી જોઇએ. ● કેવા પ્રકારની કોલેજ કે યુનિવર્સિટી પસંદ કરવી. ● અભ્યાસ પછી કામ કરવાની કેટલી પરમીશન મળી શકે. ● પતિ કે પત્નીને વિદેશ બોલાવા માટે, માતા-પિતાને લાંબા સમય માટે વિદેશ બોલાવવા માટે. ● પરમેનન્ટ રેસીડન્સીના વિકલ્પો વિ. મુદ્દાઓ ઉપર વિગતવાર માહિતી આપશે.

સમાજના જે યુવાન-યુવતીઓ વિદેશમાં ભણવા કે સ્થાયી થવા માંગે છે તેમના માટે આ ખૂબ જ ઉપયોગી થાય તેવો સેમિનાર છે. તો સમાજના વધુમાં વધુ લોકો જે વિદેશમાં ભણીને કારકિર્દી બનાવવા માંગે છે તેઓને આ પ્રવચન શ્રેણીમાં જોડાવા નમ્ર વિનંતી છે.

**નોંધ :**

- આ કાર્યક્રમમાં જોડાવવા માટે આપને સમાજના વોટસએપ ગ્રુપ વ્દારા રજિસ્ટ્રેશન લીંક મોકલવામાં આવશે જેમાં રજિસ્ટ્રેશન કરાવવું જરુરી છે. જેમાં તા. ૨-૨-૨૦૨૩ સુધીમાં રજિસ્ટ્રેશન કરવામાં આવશે.
- કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.



## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત
## લેડીઝ એક્ટીવીટી ઈવેન્ટ ગ્રુપ સંચાલિત કાર્યક્રમ નં - ૩

# ગાયનેક ફ્રી મેડીકલ કેમ્પ

### તા. ૨૫-૨-૨૦૨૩, શનિવારે બપોરે ૨-૦૦ થી ૫-૦૦
### ડૉ. નેહા ગોયલ - MBBS -IVF Specialists
### સ્થળ : શાન્તમ એક્ટિવીટી સેન્ટર, સમાજની ઓફિસ, નવરંગપુરા, અમદાવાદ.

ડો. નેહાબેન ગોયેલ બી.જે. મેડીકલ કોલેજમાંથી MBBS કર્યા બાદ ગાયનેકમાં માસ્ટર કર્યુ અને IVF માં ફેલોશિપ કરી છેલ્લાં ૮ થી વધુ વર્ષોથી IVF નિષ્ણાંત છે. અગાઉ તેઓ સીમ્સ હોસ્પીટલ તથા પ્રથમ ક્લીનીક સાથે સંકાળાયેલ હતા. તેઓ દ્વારા દસ હજારથી વધુ દંપતીઓને IVF દ્વારા સંતાન પ્રાપ્તિ થયેલ છે. તેઓના નીવ IVF સેન્ટરના સહકારથી ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નિઃસંતાનપણાથી પીડાતાં દંપતીઓ, માસિક પીરીયડનો પ્રોબ્લેમ, શ્વેતપ્રદર, પી.સી.ઓ.એસ એને પી.સી.ઓ.ડી., માસિક પિરીયડ સમયે ઓછો રક્તસ્ત્રાવ, ૧૪ વર્ષની દિકરીઓને થતા પ્રોબ્લેમ, ગર્ભધારણ કાઉન્સલીંગ અને બીજી ગાયનેક તકલીફોનું IVF સ્પેશ્યાલિસ્ટ ડો. નેહા ગોયલ દ્વારા સંપૂર્ણ મફત માર્ગદર્શન આપવામાં આવશે.

જે દંપતીઓને લગ્નને ૨ થી વધુ વર્ષ થયા હોય, માસિક બંધ થઇ ગયુ હોય અથવા અનિયમિત હોય, નળીઓ બંધ હોય, શુક્રાણોની સંખ્યા ઓછી હોય અથવા શૂન્ય હોય, વારંવાર નિષ્ફળતા મળી હોય એવા દરેક દપંતિઓને આ કેમ્પનો લાભ લઇ અમારા બીજા અનેક દર્દીઓની જેમ નિરાશાઓને માત આપીને માતા-પિતા બનવાનું સપનું પૂર્ણ કરી શકે છે.

ઉપરોક્ત કાર્યક્રમાં આવવા માટે સમાજની લેડીઝ ગ્રુપની બહેનો તથા તેઓની સાથે આવનાર ગેસ્ટ વિ. માટે સમાજ દ્વારા વોટસએપ ગ્રુપમાં મેસેજ દ્વારા લીંક મોકલવામાં આવશે.

નોંધ :

- કેમ્પમાં હાજર રહેનાર દરેક લેડીઝને ફ્રી-ચેકઅપ કરી આપવામાં આવશે.
- લેડીઝ ગ્રુપમાં જોઇન્ટ થયેલ બહેનો માટે આ કેમ્પ ફ્રી રહેશે.
- ગ્રુપ મેમ્બર સિવાયની સમાજની બહેનો માટે રુ. ૧૦૦/- તથા ગેસ્ટ માટે રુ. ૧૫૦/- ફી આપીને આ કેમ્પમાં હાજર રહી શકશો.
- કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

Alkeshkumar Kalpeshkumar
અલ્કેશકુમાર કલ્પેશકુમાર
કાપડના વહેપારી
એસ/૬૯, સિંધી માર્કેટ, રેવડી બજાર, અમદાવાદ-૨
ફોન : ૨૨૧૭૦૪૭૭, ૨૨૧૭૫૮૩૧

એચ.કે. હાઉસ
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૧ ૧૬૯૭, ૨૨૧૧ ૦૫૦૪

હરજીવનદાસ કસળચંદ શાહ પરિવાર
(પાળીયાદવાળા)
રજનીકાંત શાહ - ૨૬૩૦ ૯૯૪૬
જયંત શાહ - ૨૨૧૧ ૪૫૮૦ અલ્કેશ શાહ - ૨૬૩૦ ૫૩૧૪
અતુલ શાહ - ૨૨૧૪ ૬૭૮૦ કલ્પેશ શાહ - ૨૭૪૫ ૧૯૭૪

(Gandhi & Sons. Excise Consultant)
OJAS SALES
SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE
Dealing in Dyes - Intermediates, E.T.P. Chemicals, Other Chemicals
YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals, G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003
સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા
• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ
• નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ..
તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.
ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી
M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન મો. : ૭૩૮૩૬૬૩૩૬૬
સોમ થી શનિ તા. ૧૦-૦૦ થી ૧૨-૩૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦
ગ્રાઉન્ડ ફલોર, અર્શ કોમ્પલેક્ષ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૭૬૫૮૮૫
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર



જે પારકાનો ઉપકાર કરવા આગળ આવે છે તે સત્પુરૂષ.



# તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

ઈસવીસન ૨૦૨૩નું નવુ વર્ષ શરૂ થઈ રહ્યું છે : ઈ.સ. ૨૦૨૦-૨૧ સહુ માટે બહુ કઠીન હતું પણ ૨૦૨૨ લગભગ રાહતપૂર્ણ રહ્યું. ફરી નવા વર્ષની શરૂઆતથી જ કોરોનાનો નવો વેરીએન્ટ ડરાવી રહ્યો છે પણ આપણા સહુ માટે આ વું વર્ષ શુભદાયી નિવડે એવી પ્રાર્થના કરીએ, પરંતુ છેલ્લા બે વર્ષમાં સહુને સમજાઈ ગયું કે સૌથી મહત્વની સંપત્તિ હોય તો તે આરોગ્ય છે, અલબત્ત જીવન જરૂરિયાત માટે પૈસો મહત્વનો છે જ પણ "પહેલું સુખ તે જાતે નર્યા" એ હિસાબથી સૌથી અગત્યનું સુખ શરીરની સંપત્તિ છે.

સામાન્ય રીતે જૈન તથા દરેક ધર્મોમાં શીખવાડવામાં આવે છે શરીર નશ્વર છે, આત્મા અમર છે અને આપણા ધર્મે એનું અર્થહીન તારણ કાઢ્યું. શરીરને કાંઇપણ થાય એનું ધ્યાન નહીં આપવાનું. આપણે જ્યારે જન્મ લીધો છે ત્યારે આપણા શરીરને સારી રીતે જીવન જીવવા માટે કેળવવાની જરૂર પડે છે. શરીર ધર્મને પામવા માટે, અધ્યાત્મને સમજવા માટે એક સાધન છે અને સાધનની શુદ્ધિ બહુ જરૂરી છે. જીવન મોજથી હળવાશથી જીવવા માટે પણ શરીર તંદુરસ્ત હોવું જરૂરી છે માટે તંદુરસ્તીનું ધ્યાન રાખવું અતિ આવશ્યક છે. એક બહેન પૌષધ કરવા ઉપાશ્રયમાં રહેલા તેમને સાધ્વીજીએ કહ્યું "મચ્છર કરડે તો કરડવા દેવાના એમાંથી કર્મની નિર્જરા થશે શરીરને જેટલું દુઃખ મળશે એટલી કર્મની નિર્જરા થશે" આટલુ મિસ ઇન્ટરપ્રિટેશન જો થતું રહે તો સાચા ધર્મને પામવો ધર્મના અર્થને પામવો અતિ કઠિન છે.

શ્રીમદ્ ભાગવત પુરાણ પ્રમાણે કેટલી યોનિમાં જન્મમરણ થયા પછી જ્યારે મનુષ્ય દેહ મળે છે ત્યારે તેની કિંમત સમજીને તેનો ઉપયોગ કરવો જોઈએ.

તંદુરસ્ત શરીરની જરૂર એટલા માટે છે કે તમે ઉપાશ્રય જવા નિકળો છો પણ ચક્કર આવ્યા તો ધર્મનો સમય હોસ્પિટલમાં જશે. તમે સામાયિક કરવા બેઠા અને માથુ દુઃખે છે તો સામાયિકમાં ચિત્ત નહીં ચોંટે. વ્યાખ્યાન સાંભળવું છે પણ એક કલાક પણ બેસી નથી શકાતું તો ધર્મના મર્મને પામવાનો સમય જતો રહેશે. અધ્યાયનો ધર્મનો સમય હોટિલમાં જશે, ડૉક્ટરોના ચક્કરમાં જશે. એનો અર્થ એ નથી કે શરીરની આળપંપાળ કે બ્યુટીપાર્લરમાં સમય વ્યતીત કરવો. શરીરની તંદુરસ્તીની વાત છે. હિંદુધર્મમાં તો શરીરને મંદિર કહ્યું છે. ભગવાનને વસવા માટે, આત્મા જે પરમાત્મા છે તેને વસવા માટે શરીરની શુદ્ધિ પણ જરૂરી છે. અનેક યોગીઓ અનેક વર્ષો સુધી યોગસિદ્ધિ મેળવીને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, જો શરીર બરાબર ન હોય તો આ સિદ્ધિઓ પ્રાપ્ત શેના વડે થાય ? કુટુંબની જવાબદારીઓ, થોડી આળસ, સમયનો અભાવ આ બધાને લીધે શરીર પ્રત્યે આપણે ઉદાસીન થઈ જઈએ છીએ. પરંતુ ધીમે ધીમે બી.પી., ડાયાબીટીસ, થાઈરોઈડ વગેરે રોગો ઘર કરતા જાય છે અને ત્યારે કાયમ માટે રોગો શરીરને ઘર બનાવી લે છે.

નવા વર્ષે ખાસ ભાર દઈને કહું છું શરીર અને મન બંનેની તંદુરસ્તી હશે તો જ જીવન આરામપૂર્ણ જીવી શકાશે જ્યારે સમજાય ત્યારે ઘણું મોડું થઈ ચુક્યું હોય છે. થોડો સમય આપીને ખાન-પાન તેમજ જીવન આચાર-વ્યવહારમાં ચોક્કસ ધ્યાન આપજો.

પ્રખ્યાત હાસ્ય કલાકાર શાહબુદ્દીનભાઈ કહે છે, "અવસ્થા આંબી ગઈ એટેલ તમારી ગતિની સાથે અવસ્થા પણ ગતિમાં હોય છે યારે તમારી અતિ મંદ પડશે ત્યારે અવસ્થા આંબી જશે. ઘરનું ઘર એટલે દેહરૂપી ઘરમાં વસવાટ કરતો અને આત્મા અને આ દેહરૂપી ઘરને પાછું બીજા ઘરમાં વસવાટ કરાવે એટલે ઘરનું ઘર બોલાય છે. માનવની તમામ પ્રવૃત્તિઓને એક શબ્દમાં વર્ણવવો હોય તો આનંદ છે. જે આનંદનું વળતર (ખરાબ પરિણામો) ઓછામાં ઓછું ચુકવવું પડે તે વિશુદ્ધ આનંદ, તેઓ વિનોબાજીની વાત ટાંકે છે,"

"આનંદ મેળવવા પ્રયાસ ન કરો, જે આનંદ મળે છે તેને વિશુદ્ધ બનાવો તે જ પરમાનંદ છે અને તેની પ્રક્રિયા એ અધ્યાત્મ" આ અધ્યાત્મમાંથી પસાર થયા વિના શરીર અને મન તંદુરસ્ત રહી શકતા નથી.

કવિ શ્રી તુષાર શુક્લની કવિતાની થોડી પંક્તિઓ સાથે નવા વર્ષની શરૂઆત કરીએ,

આપણે જાતે પડે ઉંચકવું,
સ્મરણો કેરૂં પોટલું માથે,
શાને કડવું ને અણગમતું,
આપણે રાખવું આપણી સાથે ?
રાખવું શું ને છોડવું શું
એ લેવાનું પોતે જ વિચારી
નવા વર્ષની કરો તૈયારી,
આવી રહ્યો છે જાન્યુઆરી....

M. : 8141199064 • priti_narendra@yahoo.co.in

# પ્રમુખસ્થાનેથી

- ઉમેશ એન. દોશી

## "જ્ઞાનદાન-શ્રેષ્ઠદાન-મહાદાન"

કોરોના કાળ બાદ (કોરોનાની તકલીફ ફરી ભોગવવી નહીં પડે તેવી આશા રાખીએ છીએ) અગાઉ જણાવ્યા પ્રમાણે સમાજના કાર્યક્રમો તેની અસલ લયમાં ચાલી રહેલ છે. સહુનો માનીતો "સુનહરી શામ-સમાજ કે નામ-૨" ખુબ સફળતાપૂર્વક આયોજિત થયો અને સહુએ તેને મનભરીને માણ્યો. હવે તૈયાર થઈ જાઓ ZPL ક્રિકેટ ટુર્નામેન્ટની મજા માણવા.

૨૪ ડિસેમ્બર ૨૦૧૮ બાદ બરાબર તે જ તારીખ ૪ વર્ષ બાદ ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ સુનહરી શામનું આયોજન કરવામાં આવ્યું જે ખુબ સફળ રહ્યું. અમારો તે અંગે મુખ્ય આશય હતો. સમાજની યુવાશક્તિમાં છુપાયેલી ટેલેન્ટ બહાર આવે અને તે મુજબ ભાગ લેનાર સહુએ ગીતો રજુ કરી પોતાની મનમાં છુપાયેલી ઈચ્છા સંતોષી અને શ્રોતાઓએ પણ સમાજની યુવાશક્તિમાં કેવી કેવી ટેલેન્ટ છુપાયેલી છે તેનો અનુભવ કર્યો. આ અંગે વિગતવાર અહેવાલ ફોટા આ અંકમાં રાખવામાં આવેલ છે.

હવે Outdoor કાર્યક્રમો સાથે સમાજને ઉપયોગી એવો Indoor કાર્યક્રમ પણ આયોજિત કર્યો જે અંગે મેં ગયા અંકમાં વિગતથી લખેલ છે. તા. ૦૪-૧૨-૨૦૨૨ ના રોજ "Carrier Opportunities in Forigh Tax & Accounting" વિષય ઉપર એક સેમીનારનું આયોજન કર્યું જેને આપણા સમાજના શ્રી વિવેકભાઈ શાહ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. હવે તેના અનુસંધાનમાં આજના સમયમાં મહદ્અંશે પરિવારોમાંથી વિદ્યાર્થીઓ Master કે વધુ અભ્યાસ માટે Foreign જતા હોય છે જે અંગેની ઘણી બધી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આ વિષયના અનુસંધાનમાં અમો એક સેમીનારનું આયોજન સમાજના Students માટે કરી રહ્યા છીએ. જેમાં વિદ્યાર્થી જે કોઈ Country માં જવા માંગતા હોય જેમ કે USA-UK-Australia વિ. ને લગતી શરૂઆતથી લઈ Foreign પહોંચવા સુધીની દરેક બાબતો અંગે Authentic Agency દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે અને તેની પ્રક્રિયા પણ કરી આપવામાં આવશે જેની વિગતવાર માહિતી આ અંકમાં આપવામાં આવેલ છે. સમાજ તો આ પ્રકારના અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરતો રહેશે. જરૂર છે આપના સહકારની અને ઈચ્છાની. આપ સહુનો જેટલો વધુ ઉત્સાહ અને સહકાર તેટલા વધુ ને વધુ અલગ અલગ વિષયો ઉપર અમો કાર્યક્રમોનું આયોજન કરતાં રહીશું.

હવે મારે વાત કરવી છે આપણા સંતાનોના જીવનમાં સંસ્કારિતાના સીંચન અંગેના પ્રયતો બાબત. સ્થાનકવાસી સમાજના શૈક્ષણિક તથા ધાર્મિક ક્ષેત્રે વિકાસ માટેના (વીઝનરી) દૂરંદેશી આદરણીય સ્વ. નવનીતભાઈ સી. પટેલ આજથી ઘણા વર્ષો પહેલા વિચાર્યું કે આજના દૂષિત વાતાવરણમાં બાળકોમાં નાનપણથી સંસ્કારોનું સિંચન કરવામાં નહીં આવે તો બાળકોનું તેમના પરિવારનું તથા સમાજનું ભવિષ્ય ધુંધળું બની જશે. આ આશયને ધ્યાનમાં લઈ પાઠશાળાને નવું સ્વરૂપ આપી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી સરદારમુનિના આશિર્વાદથી અને શ્રી શાશ્વતમુનિના અથાગ પ્રયત્નોથી 'સમ્યગ્ જ્ઞાનશાળા'ની શરૂઆત કરી. આદરણીય સ્વ. શ્રી નવનીતભાઈના અરિહંતશરણ બાદ તેમના નાનાભાઈ સુશ્રાવક શ્રી જયંતિભાઈ તથા તેમના પુત્ર શ્રી નિશિથભાઈએ આ કાર્ય સંભાળી લીધું અને આગળ ધપાવ્યું અને આજે સુંદર રીતે ગુજરાતમાં લગભગ ૨૭ ક્ષેત્રોમાં તેમના માર્ગદર્શન હેઠળ "સમ્યગ જ્ઞાનશાળા"નું સુંદર સંચાલન થઈ રહેલ છે. આ અંગેની સામાન્ય માહિતી આ અંકમાં આપવામાં આવેલ છે જે સહુની જાણ માટે. "સમ્યગ્ જ્ઞાનશાળા"માં બાળકોને જીવન ઘડતર અંગે માર્ગદર્શન આપવામાં આવશે. તેઓશ્રીનો એક જ આશય છે કે આજનો બાળક ભવિષ્યમાં શાસનનો તથા સમાજનો સેવક અને સંરક્ષક બની તેની રક્ષા કરી શકે અને તેની પ્રગતિમાં સહભાગી બની શકે.

આપણા સંતાનોના ભવિષ્ય માટે જાગૃત બનીએ અને તેમના આ ઉમદા કાર્યમાં - પ્રયાસમાં સહભાગી બની તેને સફળ બનાવીએ.

## "સંતાનો સંસ્કારી- સમાજ સંસ્કારી"



તમારી પાસે બુદ્ધિ હોય એ સારી વાત છે, પણ તેને એટલી તીક્ષ્ણ ન બનાવશો કે બીજાને રોજ વાગ્યા કરે.

# સમાજ સમાચાર

| તા. ૦૧-૧૨-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત | | |
|---|---|---|
| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
| | એક સદગૃહસ્થ તરફથી (માનવ રાહત ફંડ ખાતે) ૫૫૬૯ થી ૫૫૭૩, ૫૫૭૮ થી ૫૫૮૨, ૫૫૮૫ થી ૫૫૮૯ ૫૫૯૬ થી ૫૬૦૦, ૫૬૦૫ થી ૫૬૦૯, ૫૬૨૪ થી ૫૬૨૯, ૫૬૫૦ થી ૫૬૫૪ | ૧,૦૦,૦૦૦/- |
| ૫૬૧૦ થી ૫૬૧૨ | શ્રીમતી ભદ્રાબેન જસવંતલાલ સંઘવી, હ. અપૂર્વભાઈ જસવંતલાલ સંઘવી, ફોરમબેન અપૂર્વભાઈ સંઘવી, સુનહરી શામ - સમાજ કે નામ-૨, મેઈન સ્પોન્સરર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૧૦૦૦/- |
| ૫૬૧૩ થી ૫૬૧૫ | શ્રીમતી જ્યોત્સનાબેન છબીલદાસ હકાણી, હ. ભાવેશભાઈ છબીલદાસ હકાણી, શ્વેતાબેન ભાવેશભાઈ હકાણી : સુનહરી શામ - સમાજ કે નામ-૨ મેઈન સ્પોન્સરર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૧૦૦૦/- |
| ૫૫૭૪ અને ૫૫૭૫ | નયનાબેન નરેન્દ્રભાઈ દોશી, અર્પિતભાઈ નરેન્દ્રભાઈ દોશી - સાધર્મિક ૧૬ બહેનોને આર્થિક સહાય ડિસેમ્બર - ૨૦૨૨ (માનવરાહત ફંડ ખાતે) | ૧૬૦૦૦/- |
| ૫૬૭૬ અને ૫૬૭૭ | તરંગ જીતેન્દ્રકુમાર શાહ (નાથાભવાન) સાધર્મિક સહાય પેટે : સપ્ટેમ્બર ૨૦૨૨ થી ઓગષ્ટ ૨૦૨૩ સુધી (માનવ રાહત ફંડ ખાતે) | ૧૫૦૦૦/- |
| ૫૫૬૬ | મુકેશભાઈ રમણલાલ સંઘવી, હ. જયશ્રીબેન (જ્યોતિબેન) અનિશ, રૂચિતા, દિયાન : સાધર્મિક દિવાળી વિતરણ - ૨૦૨૨ : ગોળના દાતા (માનવ રાહત ફંડ ખાતે) | ૧૦૦૦૦/- |
| ૫૬૭૪ | એટલાસ કલર્સ પ્રા.લિ. હ. ભાવેશભાઈ કાંતિલાલ શાહ - સુનહરી શામ - સમાજ કે નામ -૨ પાસ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૦૦૦૦/- |
| ૫૬૮૪ | હંસાબેન ધનેન્દ્રકુમાર ગાંધી, હ. નિધિ દેવાંશ ગાંધી - સુનહરી શામ - સમાજ કે નામ-૨ ડીનર પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૦૦૦૦/- |
| ૫૬૭૮ | સ્વ. જસવંતલાલ ચંદુલાલ શાહ, હ. ઉદયભાઈ જસવંતલાલ શાહ (નાથાભવાન) સાધર્મિક સહાય પેટે : સપ્ટેમ્બર ૨૦૨૨ થી ઓગષ્ટ ૨૦૨૩ સુધી (માનવ રાહત ફંડ ખાતે) | ૬૦૦૦/- |
| ૫૬૮૦ | સ્વ. નલીનીબેન ગુણવંતલાલ શાહ, હ. ઉદયભાઈ જસવંતલાલ શાહ (નાથાભવાન) સાધર્મિક સહાય પેટે : સપ્ટેમ્બર ૨૦૨૨ થી ઓગષ્ટ ૨૦૨૩ સુધી (માનવ રાહત ફંડ ખાતે) | ૬૦૦૦/- |
| ૫૬૮૧ | સંકેતભાઈ રમેશભાઈ વસાણી, સાધર્મિક સહાય પેટે : સપ્ટેમ્બર ૨૦૨૨ થી ઓગષ્ટ ૨૦૨૩ સુધી (માનવ રાહત ફંડ ખાતે) | ૬૦૦૦/- |
| ૫૬૮૨ | રિતેશભાઈ રમેશભાઈ વસાણી, સાધર્મિક સહાય પેટે : સપ્ટેમ્બર ૨૦૨૨ થી ઓગષ્ટ ૨૦૨૩ સુધી (માનવ રાહત ફંડ ખાતે) | ૬૦૦૦/- |
| ૫૬૮૩ | અનિષભાઈ નિતિનભાઈ સંઘવી, સાધર્મિક સહાય પેટે : સપ્ટેમ્બર ૨૦૨૨ થી ઓગષ્ટ ૨૦૨૩ સુધી (માનવ રાહત ફંડ ખાતે) | ૬૦૦૦/- |
| ૫૬૯૬ | હસમુખલાલ વાડીલાલ દોશી - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે - તા. ૧૩ જાન્યુઆરી (માનવ રાહત ફંડ ખાતે) | ૫૧૦૦/- |
| ૫૫૭૭ | શારદાબેન શાંતિલાલ શાહ - ચિ. પાર્થ ભદ્રેશભાઈ શાહ નાં શુભ લગ્ન નિમિત્તે (માનવ રાહત ફંડ ખાતે) | ૫૦૦૦/- |
| ૫૬૯૫ | રંજનબેન સૂર્યકાન્તભાઈ સંઘવી - સ્વ. શ્રી સૂર્યકાન્તભાઈ ત્રંબકલાલ સંઘવીની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે (માનવ રાહત ફંડ ખાતે) | ૫૦૦૦/- |
| ૫૬૨૨ | અંકિતભાઈ એસ. શાહ - સંકેતભાઈ આર. વસાણી - ZPL-7 (2023) ક્રિકેટ ટુર્નામેન્ટ - મેન ઓફ ધી મેચ લીગ મેચ - ૨ દિવસ (એક્ટિવિટી ફંડ ખાતે) | ૪૦૦૦/- |
| ૫૬૧૬ | અશ્વિનકુમાર પ્રવિણચંદ્ર શાહ - સુપુત્ર ચિ. કૃણાલનું સગપણ મુ. દામનગર, હા. અમદાવાદ શ્રી નિતિનભાઈ ચંપકલાલ તુરખીયાની સુપુત્રી - ચિ. ફોરમ સાથે કર્યું તે શુભ પ્રસંગે : તા. ૧૧-૧૨-૨૦૨૨ (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૩૦૦૬/- |
| ૫૬૧૭ | શ્રી નિતિનભાઈ ચંપકલાલ તુરખીયાની સુપુત્રી - ચિ. ફોરમ સગપણ મુ. બોટાદ, હા. અમદાવાદ શ્રી અશ્વિનકુમાર પ્રવિણચંદ્ર શાહ ના સુપુત્ર ચિ. કૃણાલ સાથે કર્યું તે શુભ પ્રસંગે : તા. ૧૧-૧૨-૨૦૨૨ (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૩૦૦૬/- |



કોમળતાથી બોલો અને મધુરતાથી મુસ્કુરાઓ. - એડીસન

# સમાજ સમાચાર

## તા. ૦૧-૧૨-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૫૫૯૧ | અરિહંત ઓપ્ટિક્સ : સુનહરી શામ - સમાજ કે નામ-૨ : એસોસીએટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૫૦૦/- |
| ૫૫૯૨ | અરિહંત ઓપ્ટિક્સ : - ZPL-7 (2023) ક્રિકેટ ટુર્નામેન્ટ ટી-શર્ટ લોગો પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૫૦૦/- |
| ૫૬૦૧ | કૌપિન એન. શાહ - સુનહરી શામ - સમાજ કે નામ-૨ : એસોસીએટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૫૦૦/- |
| ૫૬૮૭ | આદિનાથ બિલ્ડર્સ - હ. કેલનભાઈ પ્રવિણચંદ્ર વોરા - સુનહરી શામ - સમાજ કે નામ-૨ એસોસીએટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૫૦૦/- |
| ૫૫૯૦ | સંજયભાઈ જયંતિલાલ સલોત - સ્વ. મધુબેન જયંતિલાલ સલોતના સ્મરણાર્થે (માનવ રાહત ફંડ ખાતે) | ૨૦૦૦/- |
| ૫૬૮૬ | દિપેનભાઈ રમેશભાઈ શાહ - ZPL-7 (2023) ક્રિકેટ ટુર્નામેન્ટ મેન ઓફ ધી મેચ લીગ મેચ-૧ દિવસ (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૦૦૦/- |
| ૫૬૦૩ | ક્ષિતિષભાઈ નટુભાઈ શાહ - સુપુત્ર ચિ. કુંજનું સગપણ મુ. બોટાદ, હા. અમદાવાદ શ્રી દેવાંગભાઈ ભરતભાઈ ગોપાણીની સુપુત્રી, ચિ. સલોની સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવ રાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૫૦૩/- |
| ૫૬૦૪ | શ્રી દેવાંગભાઈ ભરતભાઈ ગોપાણી સુપુત્રી, ચિ. સલોનીનું સગપણ મુ. સાદરા, ડી. ગાંધીનગર શ્રી ક્ષિતિષભાઈ નટુભાઈ શાહનાં સુપુત્ર ચિ. કુંજ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવ રાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૫૦૩/- |
| ૫૬૮૮ | દિપકભાઈ સૂર્યકાન્તભાઈ કોઠારી - સુપુત્ર ચિ. યશનાં શુભ લગ્ન મુ. સુરેન્દ્રનગર શ્રી કલ્પેશભાઈ જયંતિલાલ પારેખ ની સુપુત્રી - ચિ. ઈશાની સાથે થયા તેની ખુશાલી નિમિત્તે (માનવ રાહત ફંડ ખાતે) | ૧૫૦૧/- |
| ૫૬૮૯ | કલ્પેશભાઈ જયંતિલાલ પારેખ - સુપુત્રી ચિ. ઈશાની નાં શુભ લગ્ન, મુ. હળવદ હા. અમદાવાદ શ્રી દિપકભાઈ સૂર્યકાન્તભાઈ કોઠારી નાં સુપુત્ર - ચિ. યશ સાથે થયા તેની ખુશાલી નિમિત્તે (માનવ રાહત ફંડ ખાતે) | ૧૫૦૧/- |
| ૫૫૯૩ | ભરતભાઈ ધીરજલાલ શાહ - સુપુત્ર ચિ. ભુમિલનાં શુભ લગ્ન પ્રસંગે તા. ૦૮-૧૨-૨૦૨૨ (માનવ રાહત ફંડ ખાતે) | ૧૫૦૦/- |
| ૫૫૯૫ | વિજયભાઈ કે. સંઘવી - જન્મ દિવસ અને લગ્ન દિવસની ખુશાલી નિમિત્તે (માનવ રાહત ફંડ ખાતે) | ૧૫૦૦/- |
| ૫૬૦૨ | આશિષભાઈ જે. દોશી - સુનહરી શામ - સમાજ કે નામ ૨ : એસોસીએટ પાર્ટનર (એક્ટિવિટી ફંડ ખાતે) રૂા. ૧૦૦૦/- આવી ગયેલ છે. | ૧૫૦૦/- |
| ૫૬૬૫ | શૈલેષભાઈ ચંદુલાલ શાહ - ભાવિનિબેન શૈલેષભાઈ શાહ - સુપુત્રી ચિ. વૈશ્વીનાં શુભ લગ્ન સ્વ. ડૉ. વિપુલભાઈ પોપટલાલ ખંધારનાં સુપુત્ર ચિ. નિહાલ સાથે થયા તેની ખુશાલી નિમિત્તે (માનવ રાહત ફંડ, તબીબી યોજના ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૫૬૬૬ | સ્વ. ડૉ. વિપુલભાઈ પોપટલાલ ખંધાર - ગં.સ્વ. સ્મિતાબેન વિપુલભાઈ ખંધાર - સુપુત્ર ચિ. નિહાલ નાં શુભ લગ્ન મુ. પાળિયાદ, હા. અમદાવાદ શ્રી શૈલેષભાઈ ચંદુલાલ શાહની સુપુત્રી ચિ. વૈશ્વી સાથે થયા તેની ખુશાલી નિમિત્તે (માનવ રાહત ફંડ, તબીબી યોજના ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૫૬૯૭ | દિપકભાઈ જયંતિલાલ સલોત - સુપુત્ર ચિ. દિશાન્તનાં સગપણ નિમિત્તે (માનવ રાહત ફંડ ખાતે) | ૫૦૦/- |

## તા. ૦૧-૧૨-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૫૫૬૭, ૫૫૭૬, ૫૫૮૩, ૫૬૨૩, ૫૬૭૩, ૫૬૭૩, ૫૬૭૯, ૫૬૯૯ |
| સમાજ આરસી લવાજમ | ૫૫૭૬, ૫૫૯૪ |
| લોન ધિરાણ | ૫૫૮૪, ૫૬૧૮, ૫૬૧૯, ૫૬૨૦, ૫૬૨૧, ૫૬૮૫ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલી | ૫૬૬૭, ૫૬૯૮ |
| કેન્સલ | ૫૬૭૫ |
| અન્ય | ૫૫૬૫, ૫૫૬૮, ૫૬૨૯, ૫૬૩૦, ૫૬૩૧, ૫૬૩૨, ૫૬૩૩, ૫૬૩૪, ૫૬૩૫, ૫૬૩૬, ૫૬૩૭, ૫૬૩૮, ૫૬૩૯, ૫૬૪૦, ૫૬૪૧, ૫૬૪૨, ૫૬૪૩, ૫૬૪૪, ૫૬૪૫, ૫૬૪૬, ૫૬૪૭, ૫૬૪૮, ૫૬૪૯, ૫૬૫૫, ૫૬૫૬, ૫૬૫૭, ૫૬૫૮, ૫૬૫૯, ૫૬૬૦, ૫૬૬૧, ૫૬૬૨, ૫૬૬૩, ૫૬૬૪, ૫૬૬૮, ૫૬૬૯, ૫૬૭૦, ૫૬૭૧, ૫૬૭૨, ૫૬૯૦, ૫૬૯૧, ૫૬૯૨, ૫૬૯૩, ૫૬૯૪ |

# જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

## ફેબ્રુઆરી માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૧ ફેબ્રુઆરી** |
| LM-89 | મનીષાબેન સંજયકુમાર શાહ |
| LS-05 | સુરેશભાઈ વાડીલાલ ગાંધી |
| LBH-45 | ભાવેશભાઈ હિંમતલાલ શાહ |
| | **૨ ફેબ્રુઆરી** |
| LJ-36 | જસવંતભાઈ બચુભાઈ દોશી |
| LJ-110 | જિગ્નેશભાઈ જીનદાસ દોશી |
| LN-124 | નિશાંતભાઈ ભુપેન્દ્રભાઈ સંઘવી |
| LN-149 | ઋષભભાઈ શૈલેષભાઈ શાહ |
| | **૩ ફેબ્રુઆરી** |
| LY-05 | યોગેનભાઈ સૂર્યકાન્તભાઈ દોશી |
| | **૪ ફેબ્રુઆરી** |
| LM-43 | મહાસુખલાલ છોટાલાલ દોશી |
| LM-112 | મયુરભાઈ ભરતભાઈ શાહ |
| LDH-25 | ધવલભાઈ નરેન્દ્રકુમાર દોશી |
| LJ-145 | જૈનમ જયેશભાઈ શાહ |
| | **૫ ફેબ્રુઆરી** |
| LP-53 | પંકજભાઈ સવાઇલાલ ગોપાણી |
| LDH-27 | ધવલભાઈ જયકાંતભાઈ સંઘવી |
| | **૬ ફેબ્રુઆરી** |
| LK-25 | કલ્પેશભાઈ હરગોવિંદદાસ ગાંધી |
| LR-65 | રસિકભાઈ ધનજીભાઈ ગાંધી |
| LV-49 | વિરલભાઈ રસિકલાલ શાહ |
| LS-88 | સૌરભભાઈ ત્રંબકલાલ વોરા |
| LSH-46 | શાશ્વત અશ્વિનભાઈ સલોત |
| | **૭ ફેબ્રુઆરી** |
| LS-17 | સૂર્યકાન્તભાઈ રતિલાલ ગાંધી |
| | **૮ ફેબ્રુઆરી** |
| LBH-6 | ભદ્રેશભાઈ નગીનદાસ દોશી |
| LS-87 | સુમીતભાઈ બિપિનચંદ્ર સંઘવી |
| LT-14 | તુષારભાઈ વિનયચંદ્ર વોરા |
| | **૯ ફેબ્રુઆરી** |
| LH-38 | હિતેશભાઈ કીરીટભાઈ શાહ |
| LA-64 | અમીતભાઈ નવીનચંદ્ર દોશી |

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૧૦ ફેબ્રુઆરી** |
| LA-73 | અમીતભાઈ નરેન્દ્રકુમાર સંઘવી |
| LP-128 | પવનભાઈ ત્રિલોકચંદ્ર સંઘવી |
| LG-09 | ગીરીશભાઈ બાબુલાલ શાહ |
| LJ-129 | જીગ્નેશભાઈ નવિનચંદ્ર દોશી |
| | **૧૧ ફેબ્રુઆરી** |
| LB-03 | બીપીનચંદ્ર જગજીવનદાસ શાહ |
| LP-106 | પરેશકુમાર ધારશીભાઈ દોશી |
| LA-57 | અરવિંદભાઈ અમૃતલાલ હકાણી |
| LBH-24 | ભરતભાઈ સોહનલાલ ગાંધી |
| LK-42 | કલ્પેશભાઈ વિનોદચંદ્ર સંઘવી |
| | **૧૨ ફેબ્રુઆરી** |
| LH-2 | હેમંતભાઈ રસિકલાલ સંઘવી |
| | **૧૩ ફેબ્રુઆરી** |
| LV-57 | વિનયભાઈ જમનાદાસ સંઘવી |
| LBH-48 | ભાવેશભાઈ સૂર્યકાંતભાઈ દોશી |
| LK-19 | કીર્તિકુમાર ધીરજલાલ ગાંધી |
| LK-57 | કીર્તિકુમાર વાડીલાલ સલોત |
| LK-90 | કિશોરકુમાર રતીલાલ દોશી |
| | **૧૪ ફેબ્રુઆરી** |
| LR-60 | રાજેશભાઈ દીલખુશભાઈ દોશી |
| LK-122 | કનકકુમાર સુમતલાલ શાહ |
| LN-100 | નિખિલભાઈ રતિલાલ ગાંધી |
| LM-124 | મહેશભાઈ મનહરલાલ શાહ |
| | **૧૫ ફેબ્રુઆરી** |
| LR-83 | રશ્મિનભાઈ વ્રજલાલ ગાંધી |
| LS-34 | સુરેશચંદ્ર રતિલાલ શાહ |
| LS-36 | સતિષકુમાર ધીરજલાલ શાહ |
| LM-76 | મનોજકુમાર નગીનદાસ ગોપાણી |
| | **૧૬ ફેબ્રુઆરી** |
| LN-85 | નરેશકુમાર જમનાદાસ સંઘવી |
| LJ-141 | જતિનભાઈ અભયકુમાર શાહ |
| LM-129 | મિલનભાઈ અનિલભાઈ શાહ |



જે હર ક્ષણે કામમાં રચ્યો પચ્યો રહે છે
તેની પાસે આંસુ સારવાનો સમય હોતો નથી.

# ફેબ્રુઆરી માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૧૭ ફેબ્રુઆરી** |
| LA-112 | અશોકકુમાર સવાઈલાલ વસાણી |
| LP-14 | પરેશકુમાર રમણલાલ શાહ |
| LB-21 | બીપીનચંદ્ર ધીરજલાલ શાહ |
| LS-66 | સૂર્યકાંતભાઈ ત્રિભોવનદાસ સંઘવી |
| LBH-74 | ભાવેશભાઈ જસવંતલાલ સંઘવી |
| LS-111 | સૌરભભાઈ બિપિનચંદ્ર શાહ |
| | **૧૮ ફેબ્રુઆરી** |
| LP-09 | પ્રવીણચંદ્ર છબીલદાસ સખીદાસ |
| | **૧૯ ફેબ્રુઆરી** |
| LT-11 | ત્રિલોકભાઈ રમણિકલાલ વસાણી |
| LP-91 | પંકજભાઈ ઉગરચંદભાઈ શાહ |
| LV-82 | વિપુલભાઈ હસમુખલાલ શાહ |
| LS-122 | સમીરભાઈ મહેન્દ્રભાઈ સંઘવી |
| | **૨૦ ફેબ્રુઆરી** |
| LA-36 | અમીચંદભાઈ વ્રજલાલ શાહ |
| LP-148 | પ્રતિકભાઈ કિરણભાઈ સંઘવી |
| LN-125 | નિમિષભાઈ ચંદ્રકાંતભાઈ શાહ |
| | **૨૧ ફેબ્રુઆરી** |
| LK-87 | કલ્પેશભાઈ જયંતીલાલ દોશી |
| | **૨૨ ફેબ્રુઆરી** |
| LP-127 | ડો. પરિમલ ડી. ગાંધી |
| LN-42 | નવીનચંદ્ર જગજીવનદાસ દોશી |
| LBH-52 | ભદ્રેશભાઈ રસિકલાલ સંઘવી |
| LH-50 | હિતેશભાઈ બટુકલાલ સંઘવી |
| LN-61 | નિલેશભાઈ અનોપચંદ સંઘવી |

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| LV-39 | વિજયભાઈ હસમુખલાલ ગાંધી |
| LN-122 | ડૉ. નિસર્ગ અરૂણભાઈ કોઠારી |
| LN-123 | નરેશભાઈ શાંતિલાલ શાહ |
| | **૨૩ ફેબ્રુઆરી** |
| LJ-03 | જગદીશકુમાર અમૃતલાલ ગાંધી |
| LK-125 | કલ્પેશભાઈ મહાસુખલાલ દોશી |
| LN-87 | નિરવભાઈ મનસુખલાલ શાહ |
| | **૨૪ ફેબ્રુઆરી** |
| LH-05 | હર્ષદરાય પ્રેમચંદ શાહ |
| LS-51 | સાગરભાઈ પિયુષભાઈ શેઠ |
| LR-151 | રાજનભાઈ નટવરલાલ શાહ |
| | **૨૫ ફેબ્રુઆરી** |
| LP-97 | પ્રમોદકુમાર મુગટલાલ શાહ |
| LR-85 | રાજેન્દ્રભાઈ સકરચંદભાઈ શાહ |
| LV-26 | વિનોદકુમાર અમૃતલાલ ધોળકિયા |
| | **૨૬ ફેબ્રુઆરી** |
| LR-86 | રાકેશભાઈ પ્રવીણભાઈ શાહ |
| LJ-78 | જ્યોતિબેન કૌશિકભાઈ સંઘવી |
| LK-111 | કૃણાલભાઈ બાબુલાલ શાહ |
| | **૨૭ ફેબ્રુઆરી** |
| LP-59 | પ્રકાશભાઈ ચંદુલાલ વસાણી |
| | **૨૮ ફેબ્રુઆરી** |
| LSH-30 | શૈલેશકુમાર જયંતિલાલ ગોપાણી |
| LJ-98 | જીતેન્દ્રભાઈ જગજીવનદાસ શાહ |
| | **૨૯ ફેબ્રુઆરી** |
| LR-51 | રમેશભાઈ કાંતિલાલ શાહ |
| LR-08 | રમેશચંદ્ર નાનચંદભાઈ દોશી |


ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.

PRAVINBHAI J. BARBHAYA : 9427907933

VIRANG : 9825010919 BRIJESH : 9016450264

VIRANG ENTERPRISE

TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA

BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS

STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS

SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

SIDDHARTH PRINTERY

- Graphic Designing & Printing
- Acrylic & Signage Board
- Non Woven Bag Printing

SCAN FOR CATALOGUE 09925117710 SCAN FOR PROFILE

LL-13 Harekrishna Complex, Opp. Kothawala Flats, Paldi, Pritamnagar, Ahmedabad-380 006.

siddharthprintery@gmail.com




આજના સૂર્યને આવતીકાલના વાદળ પાછળ સંતાડી દેવો એનું નામ ચિંતા છે.

# શ્રદ્ધાંજલિ



શ્રી સ્થાનકવાસી જૈન સંઘ આંબાવાડીનાં પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ આર. શાહ (C.R.Shah) નું દુઃખદ અવસાન તા. ૦૯-૧૨-૨૦૨૨ ના રોજ થયેલ નિમિત્તે એક શ્રદ્ધાંજલિ સભા તા. ૧૩-૧૨-૨૦૨૨ ને મંગળવારે સવારે આંબાવાડી ઉપાશ્રયમાં શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, આંબાવાડી તથા મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રાખવામાં આવી હતી.

આ સભામાં બરવાળા સંપ્રદાયનાં પ.પૂ. ગૌરવમુનિ તથા શાશ્વતમુનિ મહારાજ સાહેબ, દરિયાપુરી સંપ્રદાયના ધર્મેશમુનિ મહારાજ સાહેબ, ગોંડલ સંપ્રદાય તરફથી પ.પૂ. તેજલબાઈ તથા મૈત્રીબાઈ મહાસતીજી, બોટાદ સંપ્રદાય તરફથી પ.પૂ. ઉર્મિલાબાઈ તથા મૌલીબાઈ મહાસતીજી ઉપસ્થિત રહ્યા હતા. સંઘનાં પ્રમુખશ્રી જે.પી. શાહે કાર્યક્રમની શરૂઆત કરી હતી.

C.R.Shah નાં અમુલ્ય ગુણો તેઓનો મિલનસાર સ્વભાવ, બહુમુખી પ્રતિભા, ધર્મપ્રત્યેની લાગણી, મહારાજ/મહાસતીજી વૈયાવચ્ચ ભાવના, માનવરાહત તથા જીવદયા પ્રત્યેનો અહોભાવ સમાજ ઉત્થાન માટેનો અભિગમ, શિક્ષણ પ્રત્યેની રૂચિ એવા અનેક ગુણો વક્તાઓએ પોતાનાં પ્રવચનમાં વર્ણવ્યા હતા.

આ પ્રસંગે પ.પૂ. મહારાજ/મહાસતીજીઓ પોતાનાં સુંદર ભાવો વ્યક્ત કર્યા હતા. આ નિમિત્તે આંબાવાડી ઉપાશ્રય તરફથી શ્રી નિગમ શાહ, મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી દિપકભાઈ શેઠ, રાજેશભાઈ શાહ, નગરશેઠનાં વંડા તરફથી શ્રી પ્રફુલભાઈ તલસાણીયા, બરવાળા સંપ્રદાય તરફથી શ્રી જયંતિભાઈ પટેલ, ગુજરાત સમાચારનાં કટાર લેખીકા પ્રીતિબેન, મહિલામંડળ તરફથી પારૂલબેન તુરખીયાએ પોતાના ભાવો રજુ કર્યા હતા તથા C.R.Shah નાં કુટુંબીજનો તરફથી ડૉ. નિશાંત શાહ અને શ્રી વીમેશભાઈ શાહ પોતાની સંવેદના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શ્રદ્ધાંજલિ રૂપે સંદેશા પ.પૂ. મધુબાઈ મહાસતીજી (બોટાદ સંપ્રદાય) પ.પૂ. વસુબાઈ મહાસતીજી) ખંભાત સંપ્રદાય તથા મણિનગર સ્થાનકવાસી જૈન સંઘ તરફથી આવેલ હતા.

આ પ્રસંગે ઘણા પ્રતિષ્ઠીત વ્યક્તિઓ જેવા કે વિશા સમાજના પ્રમુખ શ્રી ઉમેશભાઈ દોશી તથા અન્ય ઉપાશ્રયના પ્રમુખ/મંત્રી આંબાવાડી સંઘના સભ્યો મોટી સંખ્યામાં તથા C.R.Shah નાં કુટુંબીજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ સભાનું સુંદર સંચાલન શ્રી સ્થાનકવાસી જૈન સંઘ આંબાવાડીના પ્રમુખશ્રી જે.પી. શાહે કરેલ હતું. - પ્રેષક નવિનભાઈ સંઘવી

## સાધર્મિક લાભાર્થી પરિવારોને વિતરણ

દર વર્ષની જેમ આ વર્ષે પણ સાધર્મિક લાભાર્થી પરિવારોને ચોખા, કઠોળ, ૫ લીટર સીંગતેલ તથા સીંગ તલની ચીકીનું વિતરણ સૌના ઘરે પહોંચાડવામાં આવેલ. ઉપરોક્ત વિતરણ માટે નીચે જણાવેલ દાતાશ્રીઓ તરફથી આર્થિક યોગદાન મળેલ છે.

### ચોખા વિતરણના દાતા

રંભાબેન હિંમતલાલ શાહ (સાણંદવાળા) હ. ઇલાબેન વિનોદભાઇ શાહ

### ૫ લીટર સીંગતેલના દાતા

કમળાબેન ચંદુલાલ દોશીની પુણ્યસ્મૃતિ નિમિત્તે

(ધી ગોલ્ડન ટાઇમ પરિવાર)- (ઘડિયાળી)

### કઠોળ વિતરણના દાતા

પદમાબેન ધીરજલાલ સંઘવી પરિવાર

જેમાં મગ ૧ કિલો, મઠ ૧ કિલો, દેશી ચણા ૧ કિલો, કાબુલી ચણા ૫૦૦ ગ્રામ,વાલ ૫૦૦ ગ્રામ, ચોળા ૫૦૦ ગ્રામ, તુવેરો ૫૦૦ ગ્રામ, લીલા વટાણાં ૫૦૦ ગ્રામ વિ. કઠોળ આપવામાં આવેલ.

### સીંગ-તલની ચીકીના દાતા

શ્રીમતી પ્રવિણાબેન નવીનભાઇ સંઘવી

૫૦૦ ગ્રામ સીંગ-તલની મીક્ષ ચીકી આપવામાં આવેલ.

**ઉપરોક્ત દરેક દાતાશ્રીઓનો સમાજ આભાર માને છે.**



મારી શ્રધ્ધા ત્યજી દેવા કરતાં હું મારું જીવન ત્યજી દેવાનું વધારે પસંદ કરું છું. - મધર ટેરેસા

# સમ્યગ્ જ્ઞાન શાળા

## જ્ઞાનદાન- શ્રેષ્ઠદાનના પ્રણેતા દિવંગત શ્રી નવનીતભાઇ સી. પટેલ

# અપૂર્વ અવસર

**જ્ઞાન દાન... શ્રેષ્ઠ દાન... મહાદાન..**

**આવો આપણે સૌ સાથે મળીને ભવિષ્યના શ્રાવક-શ્રાવિકા તથા સંત-સતીજી બનનારા આત્માઓને વિતરાગ વિજ્ઞાનના જ્ઞાનદાન દાતા તરીકે જોડાઇએ...**

## સમ્યગ્ જ્ઞાન શાળા શા માટે ?

સાચો ધર્મ કયો ... ? જે ધર્મ ૧૮ પાપથી નિવૃત્ત કરાવે અને આત્મગુણોમાં સ્થિરતા અપાવે તેવા અણીશુધ્ધ ધર્મની પ્રરુપણા સમ્યગ્ જ્ઞાન શાળામાં થાય છે.

સ્ટોરી, ગેમ્સ, ચાર્ટ, એક્ટીવીટી પેપર, સત્રાંત લેખિત અને મૌખિક પરીક્ષા, વૃધ્ધાશ્રમ, પાંજરાપોળ, અંધજન/અપંગ માનવ મંડળ વિગેરે વિવિધ સંસ્થાઓ સ્થળની મુલાકાત સેવાના અનુભવો તથા વિવિધ સ્પર્ધાઓ વિગેરે દ્વારા બાળકોને સંસ્કારોનું ઘડતર અને સંવર્ધન કરવામાં આવે છે.

અહીં યુવાન અને અનુભવી, શિક્ષિત અને ઉત્સાહી એવા માનદ સેવા આપતા શિક્ષકો અને વ્યવસ્થાપકોની ટીમના સમન્વયથી બાળકો પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપી જ્ઞાન અને સંસ્કાર અપાય છે. જયાં શિક્ષકો પણ બાળકોને ભણાવતા પહેલાં પોતે પરીક્ષા આપે છે તેવી એકમાત્ર જૈનશાળા એટલે સમ્યગ્ જ્ઞાન શાળા..

બાળકોની ઉંમર મુજબ અલગ અલગ વર્ગની વ્યવસ્થા છે તથા પાઠશાળાનો સમય દરેક બાળકોને અનુકૂળ આવે તેવો રાખવામાં આવ્યો છે જેમ કે શનિવારે સાંજે ૭-૦૦ થી ૮-૦૦ અને રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦.

## સમ્યગ્ જ્ઞાન શાળામાં ભણવાથી બાળકોને થતાં ફાયદાઓ

- એડમિશન, ધાર્મિક ઉપકરણો, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ભણવાનું સાહિત્ય વિગેરે સંપૂર્ણ નિઃશુલ્ક.
- બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન
- અપૂર્વ જ્ઞાન આરાધનાની પરીક્ષા થકી વિધિપૂર્વક સામાયિક, પ્રતિક્રમણ, અર્થ કંઠસ્થ કરેલા બાળકોને પ્રોત્સાહન ઇનામ
- જૈન અને કલ્યાણ મિત્રો મળવાથી એકતા અને સંગઠન થકી વિકાસ.
- બાળકોની હાજરી અને અભ્યાસ મુજબ Point અને પ્રોત્સાહન.
- નિયમિત Progress Report અને સંત્રાત પરીક્ષા દ્વારા બાળકોના વિકાસનું અવલોકન, Parents Meeting દ્વારા તેની માહીતી.
- સામૂહિક અલ્પાહાર, ડબ્બા પાર્ટી વિગેરે દ્વારા બાળકોમાં ટીમવર્ક અને શેરીંગની ભાવનામાં વૃધ્ધિ.
- પ્રોજેક્ટ એક્ઝીબીશન ધાર્મિક ક્વીઝ, ડ્રામા કોમ્પીશીટીશન જેવી વિવિધ વિનય અને સેવાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનો સંવાર્ગી વિકાસ અને વ્યસન ત્યાગના સુસંસ્કારો

**આર્થિક યોગદાન તથા અન્ય માહિતી માટે નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવો.**

**મોબાઇલ નંબર :**

| જયંતી પટેલ | કમલ જાંબુવાલા | દિલીપ શેઠ |
|---|---|---|
| ૯૮૨૫૦ ૩૭૮૨૮ | ૯૮૭૯૫૧૩૨૧૬ | ૯૪૨૬૩૫૪૪૬૩ |

પ્રેષક : જયંતીભાઇ સી.પટેલ


મનપસંદ મેરેજ બ્યુરો

જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક, મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પલેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઇસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Ph. : 26466208/9, 9376163226, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com

9427520136 9327007721
DIPALI SANGHAVI PARAG SANGHAVI
ફેશન ડીઝાઇનીંગ, સ્ટીચીંગ
ઓર્ડરથી હેવી ચણીયા ચોળી
૩૦૦-૩૫૦૦ ડ્રેસ મટીરીયલ્સ, કુર્તી
૧૫, અંબિકાદેવી સોસાયટી, વિ.૨, કિરણપાર્ક રોડ, પાણીની ટાંકી સામે, સંઘવી હાઇસ્કૂલ રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૫૫૯૪૫૮

મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર કલીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૨/૭૩૩, ચિત્રકુટ એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે, સોલા રોડ, અમદાવાદ - ૬૩.
